

# પ્રકરણ ૨૨
# પટોળાં

N3H9D2

પાટણ શહેરના સાળવીવાડામાં રહેતી મોક્ષા અને નિર્મલનું ઘર રંગબેરંગી રેશમની આંટીઓથી ભરેલું રહે છે. તેમનાં માતા કોકિલાબહેન અને પિતા અશોકભાઈ તથા પરિવારના તમામ લોકો હાથસાળ (handloom-હૅન્ડલૂમ) પર વણાટકામ (weaving-વીવિંગ) કરે છે. તેમની વણાટકામની આ હસ્તકારીગરી (handicraft-હૅન્ડિક્રાફ્ટ) ખૂબ જ સુંદર અને ખાસ પ્રકારની હોય છે.

સાળવીવાડામાં અનેક સદીઓથી સાળવી પરિવારો વસવાટ કરે છે. તેમના દ્વારા કરવામાં આવતું ખાસ પ્રકારનું વણાટકામ 'પટોળાં' નામથી ઓળખાય છે. અત્યારે આ જગ્યાએ ભારત અને દુનિયાભરમાંથી આવતા પર્યટકો આ હસ્તકારીગરીથી અવગત થાય તે માટે 'પટોળાં હાઉસ'નું પણ નિર્માણ કરવામાં આવેલ છે. પાટણમાં આવેલી 'રાણીની વાવ'ના શિલ્પકામમાં પણ પટોળાંની ભાત જે-તે સમયે શિલ્પકારોએ પોતાની કલા (art-આર્ટ) માં કંડારી હતી. ગુજરાતના કવિઓએ પણ લોકગીતોમાં પટોળાંની આ કલાને મન મૂકીને વર્ણવી છે. જેમ કે,

'છેલાજી રે ..... મારી હાટું પાટણથી પટોળાં મોંઘાં લાવજો ....'

આ કલા મોક્ષા અને નિર્મલનાં માતા-પિતાએ તેમના વડીલો પાસેથી શીખી હતી. હવે મોક્ષા અને નિર્મલ પણ શાળામાંથી આવ્યાં બાદ તેમનાં માતા-પિતાની મદદ કરે છે અને આ કલા શીખે છે.

**શિક્ષક માટે :** બાળકોને મોટા ભાગની પરંપરાગત કલાઓ ઘરે જ શીખાય છે એ વાતથી અવગત કરો. પટોળાંની જેમ જ જુદા જુદા પ્રકારના હાથવણાટ શીખી શકાય છે. તમે બીજા પરંપરાગત વ્યવસાય જેમ કે, જાજમવણાટ, રમકડાં બનાવવાં, અત્તર બનાવવું વગેરે વિશે ચર્ચા કરો.


Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



પાટણના પટોળાં બનાવવાની રીત



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



## દોરાથી કપડાં સુધી

પટોળાંના વણાટકામમાં વપરાતા રેશમના તાર મલબારી સિલ્ક (કોશેટા સિલ્ક)માંથી બનાવવામાં આવે છે, જે સફેદ હોય છે. પિતાજી આ રેશમના તાર બહારથી મંગાવે છે. રેશમના તારને ખોલી તાણાં (ઊભા તાર) અને વાણા (આડા તાર) બનાવવામાં આવે છે. ત્યાર પછી તેના પર ડિઝાઇન પાડવામાં આવે છે. ડિઝાઇનવાળા તારને યોગ્ય માપ લઈને દોરી બાંધવામાં આવે છે. જેને બાંધણીકામ કહેવાય છે. જે ભાગમાં રંગ કરવાનો હોય તે ભાગના દોરા છોડી તેના પર માપ મુજબ રંગ કરી તેને ફરીથી બાંધી દેવામાં આવે છે. આ કામ ખૂબ જ મહેનત અને સમય માગી લે છે. તાણાં અને વાણાના તાર પર ડિઝાઇન અને રંગકામ થયા પછી તેને વણાટ માટે સાળ પર ગોઠવી ‘વણાટકામ’ કરવામાં આવે છે. આમ, ચારથી છ માસની મહેનત (hardwork-હાર્ડવર્ક) પછી સુંદર અને રંગબેરંગી ‘પટોળું’ તૈયાર થાય છે.

તાણાં અને વાણા પાકા રંગોથી રંગાયા હોવાથી પટોળાંનો રંગ ધોવાઈ જવાનો પ્રશ્ન જ રહેતો નથી. પટોળાંનું ટકાઉપણું (durability-ડ્યુરેબિલીટી) અને રંગોની ચમક વર્ષો સુધી તાજી રહે છે. આથી, ગુજરાતમાં કહેવત પડી છે કે,

“પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ.”

## હસ્તકારીગરી જોખમમાં

P4T6L8

પટોળાં તૈયાર કરવામાં વણાટ, ડિઝાઇન અને રંગકામની આવડત માટે ચીવટ અને ધીરજ જરૂરી છે. ઘણા દિવસોની મહેનત માંગી લે છે. મલબારી સિલ્કના તાર અને રંગો ખૂબ જ મોંઘા હોવાથી ‘પટોળાં’ ખૂબ જ ઊંચી કિંમતે વેચાય છે. પ્રાચીન સમયથી ચાલી આવતી આ હસ્તકારીગરી સાથે જોડાયેલા ૭૦૦ પરિવારમાંથી અત્યારે માત્ર ત્રણ જ પરિવારો પટોળાંની આ અનમોલ હસ્તકારીગરીને જીવંત રાખવા મથી રહ્યા છે. બીજા ઘણા બધાએ આ વ્યવસાય છોડી દીધો છે.

પાટણના પટોળાંની હસ્તકારીગરી માત્ર પાટણની જ નહિ, પરંતુ ગુજરાત અને ભારતની શાન અને દેશનું ગૌરવ છે.

પ્રાચીન વારસો અને ભારતીય સંસ્કૃતિની ઓળખસમા ‘પટોળાં’ની આ અમૂલ્ય અને બેનમૂન હસ્તકારીગરીને લુપ્ત થતી અટકાવવા આપણે ‘પટોળાં’ની સારી કિંમત આપી આ લુપ્ત થતી હસ્તકારીગરીના ‘કસબી’ઓને મદદ કરવી જોઈએ. નહિ તો, આ કીમતી કલા હંમેશાં માટે ગાયબ થઈ જશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચર્ચા કરો :

મોક્ષા અને નિર્મલ આ સુંદર કલા તેમનાં બાળકોને શીખવી શકશે ?

## તમારી નોટબુકમાં લખો :

- તમે કોઈને ક્યારેય સાળ ઉપર કંઈ વણતા જોયા છે ? તેઓ શું વણી રહ્યા હતા અને ક્યાં ?
- સાડીના દોરા રંગેલા હોય છે. શું તમે બીજી કોઈ વસ્તુ જેને રંગ કરવામાં આવે તેવી જાણો છો ?
- તમે કોઈ બીજું એવું કામ જાણો છો જ્યાં ઘણાબધા માણસો એક જ જગ્યાએ કામ કરતાં હોય ? તેઓ કઈ વસ્તુઓ બનાવે છે ?
- તે વસ્તુ બનાવવાની રીત વિશે જાણકારી મેળવો.
- આ વસ્તુ બનાવવા મહિલાઓ અને પુરુષો અલગ-અલગ પ્રકારનાં કામ કરે છે ?
- શું આ વસ્તુ બનાવવામાં બાળકો પણ મદદ કરે છે ?

## શોધી કાઢો અને લખો :

- લુહાર, સુથાર અને કુંભાર સાથે તેમનાં કામના પ્રકાર વિશે વાત કરો.

____________________

____________________

- તેઓ તેમનું કામ કરતાં ક્યાં શીખ્યા ?

____________________



**શિક્ષક માટે :** ઘણાબધા પરંપરાગત વ્યવસાયોમાં અલગ-અલગ પ્રકારનાં સાધનો અને આવડત વપરાય છે. આખા કુટુંબનાં બધાં સભ્યો એક જ વસ્તુ બનાવે અને દરેક અલગ-અલગ જવાબદારીઓ અને ફરજો બજાવે તેના પર ભાર આપે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તેમણે કામ કરવા શું શીખવું પડે છે ?

- તેમણે આ કામ તેમના કુટુંબમાં કે બીજા કોઈ વ્યક્તિને શીખવાડ્યું છે ?

- નીચેના કોષ્ટકમાં લોકો દ્વારા થતાં જુદાં-જુદાં કામની યાદી આપી છે. આવાં કામ કરતાં લોકોને તમે જાણો છો ? તેઓનાં નામ પહેલી કૉલમમાં લખો. બીજી કૉલમમાં તેઓ તેમનું કામ કોની પાસેથી શીખ્યા ? તે લખો.

| કામનો પ્રકાર | જેઓ આ કામ કરતા હોય તેવા માણસોનાં નામ | તેઓ આ કામ ક્યાંથી શીખ્યા છે ? |
|---|---|---|
| કાપડ વણાટ | મોક્ષા અને નિર્મલના માતા-પિતા | તેમના વડીલો પાસેથી |
| રસોઈ બનાવવી | | |
| સાઈકલ સમારકામ | | |
| બસ ચલાવવી | | |
| સીવવું અને ભરતકામ | | |
| ગાવું | | |
| ચંપલ બનાવવા | | |
| પતંગ બનાવવા | | |
| ખેતીકામ | | |
| વાળ કાપવા | | |

**શિક્ષક માટે :** ભારતમાં પાટણનાં પટોળાંની જેમ ઘણી બધી જગ્યાઓ ખાસ પ્રકારની વસ્તુઓ બનાવવા માટે પ્રખ્યાત છે. આ વસ્તુઓ જ્યાં બનાવાય છે તે જગ્યાના નામથી પ્રખ્યાત બને છે. જેમ કે, કુલુની શાલ, મધુબાની ચિત્રો, અસમ સિલ્ક, કશ્મીરી ભરત, કચ્છી ભરતકામ, જેતપુરની બાંધણી, થાનગઢનું માટીકામ વગેરે. શું તમે બીજાં વધારે ઉદાહરણો જાણો છો ? તેની વર્ગમાં ચર્ચા કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in